અદેપ-૪૭૫

# મેરીટમાં આવતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ : મેડીકલ પ્રવેશ


અહેવાલ લેખન

ભીખાભાઈ સો. પટેલ, દેવચંદભાઈ વહોનિયા

સંકલન

ડૉ. ચંદ્રકાન્તભાઈ ઉપાધ્યાય



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

૨૦૧૩


૪૭૫

વર્ષ ૨૦૧૨માં મેડિકલની જુદી જુદી વિદ્યાશાખાઓમાં પ્રવેશપાત્ર હોવા છતાં મેડિકલમાં પ્રવેશ મેળવેલ ન હોય તેવા કુલ ૭૦ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓએ કયા કારણોસર મેડિકલમાં પ્રવેશ મેળવ્યો નથી તે અંગે કમિશ્નરશ્રી આદિજાતિના પત્ર ક્રમાંક નં. આવિ/શિક્ષણ/૨/ફા.નં.૭૨૧/૨૦૧૨-૧૩/વશી ૧૪૯૭ થી ૧૪૯૮ અન્વયે આવા અનુ.જનજાતિના કુલ - ૭૦ વિદ્યાર્થીઓનો એક અભ્યાસ કરવાની સૂચના અન્વયે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા ઉપરોક્ત ૭૦ વિદ્યાર્થીઓના કુટુંબોની પ્રત્યક્ષ મુલાકાત લઈ અભ્યાસ કરવામાં આવ્યો.

આ અભ્યાસ માટે એક અનુસૂચિ તૈયાર કરવામાં આવી. આ અનુસૂચિમાં વિદ્યાર્થીઓની પ્રાથમિક, વ્યાવસાયિક અને શૈક્ષણિક સ્થિતિ અંગેની તપાસ કરવાના હેતુથી તે સંદર્ભના પ્રશ્નો સાંકળીને અનુસૂચિ તૈયાર કરવામાં આવી. આ અનુસૂચિમાં આવરેલ પ્રશ્નો ૭૦ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને રૂબરૂ મુલાકાત લઈ પ્રશ્નો પૂછવામાં આવ્યા અને પ્રશ્નોના જવાબો અનુસૂચિમાં ભરવામાં આવેલ છે તે આધારે વર્ષ ૨૦૧૨માં પ્રવેશપાત્ર હોવા છતાં પ્રવેશ ન મેળવનારા કુલ-૭૦ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખી તપાસ અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓના વતનની વિગતો કોષ્ટક નં.૧માં દર્શાવી છે.

**વિદ્યાર્થીઓનું મૂળ વતન :**

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ ૭૦ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ સાબરકાંઠા જિલ્લાના ૧૦, વડોદરા જિલ્લાના-૭, પંચમહાલ જિલ્લાના-૭, સુરતના-૬, દાહોદના-૫ અને રાજયના અન્ય ૧૫ જિલ્લામાંથી ૩૫ એમ કુલ આદિજાતિના ૭૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જેની વિગત કોષ્ટક નં.૧માં દર્શાવી છે. જે પૈકી ૪૧ વિદ્યાર્થીનીઓ અને કુલ-૨૯ વિદ્યાર્થીઓ છે જેની વિગત કોષ્ટક નં.૩ માં દર્શાવી છે.

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ આદિજાતિના ૭૦ વિદ્યાર્થીઓની આર્થિક સ્થિતિ અંગેની તપાસ કોષ્ટક નં.૫ પર દર્શાવેલ છે તે મુજબ ૫૧ (૭૨.૮૫ ટકા) વિદ્યાર્થીઓના પિતા સરકારી નોકરી કરે છે, ૧૨ (૧૭.૧૫ ટકા) વિદ્યાર્થીઓના પિતા ખેતીનો વ્યવસાય કરે છે, જયારે ૪ (૫.૭૨ ટકા) વિદ્યાર્થીઓના પિતા પ્રાઈવેટ નોકરી અને ૩ (૪.૨૮ ટકા) વિદ્યાર્થીઓના પિતાનો વ્યવસાય મજૂરી છે તે સાથે આ વિદ્યાર્થીઓ પૈકી કુલ ૮ (૧૧.૪૩ ટકા) વિદ્યાર્થીઓની માતાઓ પણ સરકારી નોકરી કરે છે, એટલે કે આ વિદ્યાર્થીઓ પૈકી ૫૧ (૭૨.૮૫ ટકા) વિદ્યાર્થીઓના પિતાનો વ્યવસાય સરકારી નોકરી છે. આ સરકારી નોકરીઓમાં પણ સૌથી વધુ પ્રાથમિક શિક્ષકો, સરકારી કચેરીઓમાં કલાર્ક,

પોલીસ કોન્સ્ટેબલ, બેંક મેનેજર, એન્જિનિયર, મામલતદાર, રેલ્વે કર્મચારી વિગેરે વ્યવસાય કરે છે. આ સાથે કુલ વિદ્યાર્થીઓ પૈકીના ૨૫ (૩૫.૭૧ ટકા) વિદ્યાર્થીઓના ભાઈ-બહેનો એન્જિનિયરીંગ, મેડિકલ, ફાર્મસી, ધો-૧૨ સાયન્સ તેમજ બીજા અન્ય ઉચ્ચ અભ્યાસક્રમોમાં હાલમાં અભ્યાસ કરે છે જે તેઓના કુટુંબની આવક પર આધારિત છે.

વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક જોઈએ તો (કોષ્ટક નં.૮) કુલ ૨૧ (૩૦ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક રૂા.૧૦,૦૦૦ થી ૧ લાખ, ૧૭ (૨૪.૨૯ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક રૂા.૨ લાખથી ૩ લાખ, ૧૧ (૧૫.૭૨ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક રૂા. ૩ લાખથી ૪ લાખ, જયારે ૪ થી ૫ લાખ કે તેથી વધુ વાર્ષિક આવક ધરાવતા કુટુંબના માત્ર ૧ (૨.૮૪ ટકા) વિદ્યાર્થી છે, તેમજ આ પૈકીના ૧૫ (૨૧.૪૩ ટકા) વિદ્યાર્થીઓએ પોતાના કુટુંબની આવક અંગે માહિતી જણાવેલ નથી. વિદ્યાર્થીઓના કુટુંબની આવક સંદર્ભની મળેલ માહિતી મુજબ આ વિદ્યાર્થીઓ પૈકી કુલ-૨૧ (૩૦ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક રૂા.૧૦,૦૦૦ થી ૧ લાખ સુધીની છે જે સામાન્ય ખેતી કે મજૂરી કરતા કુટુંબની વાર્ષિક આવક ગણાય, જયારે આ પૈકીના ૩૫ વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક રૂપિયા એક લાખથી વધારે અને પાંચ લાખ સુધીની જોવા મળે છે, જે સામાન્ય રીતે સામાન્ય સરકારી કર્મચારી, પ્રાઈવેટ નોકરીવાળા કુટુંબની વાર્ષિક આવક ગણાય. આ પૈકી બે વિદ્યાર્થીઓના પિતાની આવક ૫ લાખ કરતાં વધુ છે. વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક અંગેની વિગતો જોતાં સ્પષ્ટ જણાય છે કે મોટાભાગના વિદ્યાર્થીઓ મધ્યમવર્ગના કુટુંબના કર્મચારીઓના સંતાનો છે.

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ પૈકી ૬૮ (૯૭.૧૫ ટકા) વિદ્યાર્થીઓ ચાલુ વર્ષ ૨૦૧૨માં પ્રથમ પ્રયાસે ધોરણ-૧૨ સાયન્સ પાસ કરેલ છે, જયારે કુલ-૨ (૨.૮૫ ટકા) વિદ્યાર્થીઓએ વર્ષ - ૨૦૧૧માં બીજા પ્રયાસે ધોરણ-૧૨ સાયન્સ પાસ કેરલ છે. જેથી સ્પષ્ટ થાય છે કે આ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓ રેગ્યુલર બેંચથી અને પ્રથમ પ્રયાસથી ધો-૧૨ સાયન્સની પરીક્ષા પાસ કરેલ છે. માત્ર ૨ જ વિદ્યાર્થીઓ રિપિટર અને બીજા પ્રયાસે પાસ થયેલ છે. આ અંગેની વિગતો (કોષ્ટક નં.૩.૨) ઉપલબ્ધ છે.

ધો-૧૨માં મેળવેલ પર્સન્ટાઈલ જોતાં આ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ કુલ ૧૪ (૨૦ ટકા) વિદ્યાર્થીઓએ ૬૬ થી ૭૫ ટકા પર્સન્ટાઈલ મેળવેલ છે. ૧૨ (૧૭.૧૬ ટકા) વિદ્યાર્થીઓએ ૫૬ થી ૬૫ ટકા પર્સન્ટાઈલ મેળવેલ છે. ૮ (૧૧.૪૨ ટકા) વિદ્યાર્થીઓએ ૭૬ થી ૮૫ પર્સન્ટાઈલ ઉપરાંત ૮૬ થી ૯૫ ટકા પર્સન્ટાઈલ મેળવનારા ૩ (૪.૨૮ ટકા) વિદ્યાર્થીઓ છે, જયારે ૧૭ વિદ્યાર્થીઓએ તેમના મેરીટ કે પર્સન્ટાઈલ અંગેની વિગતો આપેલ નથી. (કોષ્ટક નં.૩.૪)

તમામે તમામ વિદ્યાર્થીઓ સાયન્સ પ્રવાહના 'બી' ગ્રુપ સાથે ધો-૧૨ સાયન્સ પાસ કરેલ છે. આ વિદ્યાર્થીઓને 'બી' ગ્રુપ પસંદ કરવાના કારણોની તપાસ કરતાં મળેલ અભિપ્રાયો મુજબ કુલ ૭૦ વિદ્યાર્થીઓ પૈકી ૩૫ વિદ્યાર્થીઓએ 'બી' ગ્રુપ પસંદ કરવાનું મુખ્ય કારણ મેડિકલમાં જવાનું હોવાથી 'બી' ગ્રુપ પસંદ કરવાનો પોતાનો અભિપ્રાયો આપેલ છે, જયારે ૧૨ વિદ્યાર્થીઓએ પોતાના મિત્રોના કહેવાથી, ૧૧ વિદ્યાર્થીઓએ ડોકટર બનવું છે માટે 'બી' ગ્રુપ પસંદ કર્યુ તેમ જણાવેલ, સાથે સાથે ગ્રુપ 'બી' પસંદ કરવા બાબતે કુલ-૩ વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાયો આપેલ નથી. મતબલ કંઈ જણાવેલ નથી, પરંતુ એક વાત સ્પષ્ટ થાય છે કે તમામ વિદ્યાર્થીઓએ 'બી' ગ્રુપ પસંદ કરીને મેડિકલ લાઈનમાં જવાની બાબત જણાવી છે. (કોષ્ટક નં.૩.૬)

**મેડિકલ પ્રવેશના ઓન-લાઈન ફોર્મ ભરવામાં કંઈ મુશ્કેલી અંગેની વિગત :**

અભ્યાસમાં આવરેલ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને મેડિકલ પ્રવેશફોર્મ ઓન-લાઈન ભરવામાં કંઈ મુશ્કેલી પડે છે કે કેમ ? તે અંગેની વિગતો (કોષ્ટક નં.૧૧ પર દર્શાવેલ છે) તે મુજબ કુલ ૫૨ (૭૪.૨૯ ટકા) વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ કંઈ મુશ્કેલી પડતી નથી, જયારે ૧૭ (૨૪.૨૯ ટકા) વિદ્યાર્થીઓને ઓન લાઈન અરજી કરવામાં મુશ્કેલી પડી હતી, જયારે આ બાબતે ૧ વિદ્યાર્થીએ કંઈ પણ જવાબ આપેલ નથી, જેથી સ્પષ્ટ જણાય છે કે મોટાભાગના એટલે કે ૫૨ (બાવન) વિદ્યાર્થીઓને ઓન લાઈન અરજી ફોર્મ ભરવામાં કંઈ પણ મુશ્કેલીનો અનુભવ થયો નથી જે પ્રવર્તમાન ઈન્ટરનેટ સેવાનો બહોળો-પ્રસાર અને પ્રચાર તથા તેમાં આદિજાતિના વિદ્યાર્થીઓની તે પ્રત્યેની અભિરુચિ જોવા મળે છે, છતાં પણ હજી આ બાબતે આદિજાતિના વિદ્યાર્થીઓમાં મહ્દઅંશે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તે બાબત પણ પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળે છે.

**વિદ્યાર્થીઓ મેડિકલમાં પ્રવેશ માટેની મેરિટ યાદીમાં આવેલ છે તેની જાણકારી :**

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ મેડિકલમાં પ્રવેશ માટેની મેરિટ યાદીમાં આવેલ છે તે અંગેની સમયસર જાણકારી (કોષ્ટક નં.૧૪ પર દર્શાવેલ છે) આ વિદ્યાર્થીઓને હતી કે કેમ ? તે બાબતે તપાસ કરતાં ૫૯ (૮૪.૧૧ ટકા) વિદ્યાર્થીઓને તેની જાણકારી સમયસર થઈ ગયેલ હતી પરંતુ કુલ ૧૧ (૧૫.૭૧ ટકા) વિદ્યાર્થીઓને આવી જાણકારી નહોતી અને તેથી તમામ-૧૧ વિદ્યાર્થીઓ છેલ્લા કાઉન્સેલિંગ રાઉન્ડમાં હાજર રહેલ નથી.

જે વિદ્યાર્થીઓને પોતે મેરિટ યાદીમાં આવી ગયેલ છે તેવી જાણકારી થઈ ગયેલા કુલ-૫૯ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ૪૩ વિદ્યાર્થીઓએ આવી જાણકારી ઈન્ટરનેટ દ્વારા મેળવેલ હતી, ૬

વિદ્યાર્થીઓને સમયસર તે અંગેનો પ્રવેશ સમિતિનો કોલ લેટર મળી ગયેલ હતો, જ્યારે કુલ-૧૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ સમિતિના નોટીસબોર્ડ તથા મિત્રો દ્વારા આવી જાણકારી પ્રાપ્ત કરેલ હતી, અહિ એ સ્પષ્ટ થાય છે કે ઈન્ટરનેટ નિયમિત વાપરનાર વિદ્યાર્થીઓને મેરિટયાદી અંગે ત્વરિત જાણકારી મળેલ છે અને તેવા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધુ છે.

**પ્રવેશ કાઉન્સેલિંગના રાઉન્ડ અંગે જાણકારી અને કાઉન્સેલિંગમાં હાજર રહેવા અંગેની વિગતો :**

અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓ પૈકી ૬૦ (૮૫.૭૧ ટકા) વિદ્યાર્થીઓ નિયમિત કાઉન્સેલિંગ રાઉન્ડના કોલ મળી ગયેલ હતા, મતલબ જાણકારી મળી ગયેલ હતી, જ્યારે ૧૦ (૧૪.૨૯ ટકા) વિદ્યાર્થીઓને કાઉન્સેલિંગ રાઉન્ડની જાણકારી મળી નહોતી જે વિદ્યાર્થીઓને કાઉન્સેલિંગ રાઉન્ડમાં કોલ મળેલ નહોતા તેવા ૧૦ વિદ્યાર્થીઓએ ઈન્ટરનેટ દ્વારા તેમજ ન્યુઝ પેપરમાં આવેલ સૂચનાના આધારે પ્રવેશ કાઉન્સેલિંગ રાઉન્ડની માહિતી મેળવેલ હતી, તેથી દરેક કાઉન્સેલિંગ રાઉન્ડમાં ૫૨ (બાવન) (૭૪.૨૮ ટકા) વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી, જ્યારે ૧૮ (૨૫.૭૨ ટકા) વિદ્યાર્થીઓ દરેક કાઉન્સેલિંગ રાઉન્ડમાં હાજર રહેલ નથી. (કોષ્ટક નં.૧૦)

દરેક કાઉન્સેલિંગ રાઉન્ડમાં હાજર ન રહેલ ૧૮ વિદ્યાર્થીઓને કેમ હાજર નથી રહ્યા તે તપાસ કરતાં ન હાજર રહેલા ૧૮ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે મેડિકલની સરકારી બેઠકોમાં પ્રવેશ મળવાની શક્યતાઓ નહોતી માટે, રાઉન્ડ પૂર્ણ થયા પછી જાણ થઈ માટે તથા અન્ય શાખાઓમાં પ્રવેશ મેળવી લીધેલ હોઈ કાઉન્સેલિંગ રાઉન્ડમાં હાજર રહેલ નથી તેમ જણાવેલ છે.

**પ્રત્યેક કાઉન્સેલિંગ વખતે એસ.ટી. બેઠકો (સરકારી-સેલ્ફફાઈનાન્સ) સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવતી હતી કે કેમ ? :**

પ્રત્યેક કાઉન્સેલિંગ દરમ્યાન ગુજરાતની નામાંકિત મેડિકલ કોલેજોની અનુ.જનજાતિની સરકારી તેમજ સેલ્ફ ફાઈનાન્સ બેઠકો સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવતી હતી કે કેમ ? (કોષ્ટક નં.૧૮) તે અંગે ૫૫ (૭૮.૫૮ ટકા) વિદ્યાર્થીઓએ દર્શાવવામાં આવતી હતી તેમ જણાવ્યું છે, જ્યારે ૧૧ (૧૫.૭૧ ટકા) વિદ્યાર્થીઓએ દર્શાવવામાં આવતી નહોતી તેમ જણાવેલ છે. તે સાથે ૪ (૫.૭૧ ટકા) વિદ્યાર્થીઓના જવાબ મળેલ નથી, પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓના જણાવ્યા પ્રમાણે આવી સારી કોલેજોની અનુ.જનજાતિની બેઠકો સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવતી હોવાનું જણાવેલ છે. મતલબ પ્રવેશ પ્રક્રિયા પારદર્શક હોવાનું જણાય છે તેમાં સંદેહ નથી. છતાં પણ આ પૈકીના ૧૧ (૧૫.૭૧ ટકા) વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે 'કોલેજોની બેઠક વિષયક માહિતી ખુબ જ ઝડપથી બતાવી દેવામાં આવતી હતી,

'સરકારી કોલેજોની યાદી બતાવવામાં આવતી નહોતી' તેમજ પ્રવેશ કમિટિને કોઈ પ્રવેશ વિષયક પ્રશ્ન પૂછવામાં આવતાં તેનો સંતોષકારક જવાબ મળતો નહોતો, એસ.ટી. કેટેગરીની બેઠકો સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવતી નહોતી, તેમજ બેઠકો અંગેની ફક્ત ઉપરછલ્લી માહિતી બતાવવામાં આવતી હતી. આમ ૧૧ વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા અંગે ભરપુર અસંતોષ જોવા મળેલ છે. તેઓ પ્રવેશ પ્રક્રિયા પર સંદેહ વ્યક્ત કરે છે.

કુલ ૭૦ વિદ્યાર્થીઓ પૈકી છેલ્લે મેડિકલમાં કઈ લાઈનમાં પ્રવેશ મળેલ હતો અને તેમાં પ્રવેશ ન લીધો તે અંગે તપાસ કરતાં (કોષ્ટક નં.૧૫) ૩૯ (૫૫.૭૨ ટકા) વિદ્યાર્થીઓને ગુજરાતની વિવિધ કોલેજોમાં એમ.બી.બી.એસ.માં પ્રવેશ મળેલ હતો, જયારે તપાસ કરેલા કુલ-૩૧ (૪૪.૨૮ ટકા) વિદ્યાર્થીઓએ તેઓને શેમાં પ્રવેશ મળતો હતો તેની જાણકારી નથી એટલે કે મોટાભાગના વિદ્યાર્થીઓને તેમના મનગમતા મેડિકલ ક્ષેત્રના એમ.બી.બી.એસ.ના અભ્યાસમાં પ્રવેશ મળી ગયેલ હતો, પરંતુ ૬૩ (૯૦ ટકા) વિદ્યાર્થીઓને સેલ્ફફાઈનાન્સ બેઠકો પર પ્રવેશ મળેલ હતો, જયારે ૭ વિદ્યાર્થીઓએ આ અંગે કંઈ પણ જવાબ આપેલ નથી.

મેડિકલની મેરિટ યાદીમાં હોવા છતાં પ્રવેશ કેમ ન મેળવ્યો તે અંગે આ વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવાનો પ્રયત્ન કર્યો. પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ ૭૦ વિદ્યાર્થીઓએ આ અંગે એક કરતાં વધુ જવાબો/કારણો દર્શાવ્યા છે. જેમાં સૌથી વધુ જવાબદાર કારણો ૫૩ (૫૧.૪૫ ટકા) માં નાણાની તકલીફ દર્શાવેલ છે, ૨૧ (૨૦.૩૮ ટકા) માં તેમને મેડિકલની સરકારી બેઠકોમાં પ્રવેશ ન મળ્યું હોવાથી અને છેલ્લે અન્ય બ્રાન્ચમાં પ્રવેશ મેળવી લીધો પછી મેડિકલની વિદ્યાશાખામાં પ્રવેશ મળ્યો હોઈ તેમાં પ્રવેશ મેળવેલ નથી તેમ દર્શાવ્યું છે. તે સિવાય સરકાર દ્વારા સેલ્ફ ફાઈનાન્સ બેઠકોની ફી પરત મળે છે તેની જાણકારી નહોતી તેથી, જે વિદ્યાશાખામાં પ્રવેશ જોઈતો હતો તેમાં પ્રવેશ ન મળ્યો તેથી, નર્સિંગમાં રસ ઓછો હતો તેથી, માત્ર એમ.બી.બી.એસ.માં જ પ્રવેશ મળે તો જ પ્રવેશ મેળવવો હતો વગેરે મોટા-મોટા કારણો આ વિદ્યાર્થીઓ પાસેથી જાણવા મળ્યા છે, અને ઉપરોક્ત કારણોસર તેઓએ મેડિકલની મેરિટ યાદીમાં હોવા છતાં પ્રવેશ મેળવેલ નથી તેવું જાણવા મળે છે. (કોષ્ટક નં.૧૬)

અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ દ્વારા સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ભરવામાં આવતી ફી સરકાર દ્વારા પરત મળે છે તે અંગેની જાણકારી માત્ર ૨૮ (૪૦ ટકા) વિદ્યાર્થીઓને હતી, જયારે ૪૨ (૬૦ ટકા) વિદ્યાર્થીઓને આ અંગેની જાણકારી નહોતી માટે તેઓ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં પ્રવેશ મેળવી શક્યા નથી.

હાલમાં આ વિદ્યાર્થીઓ શેમાં અભ્યાસ કરે છે તેની વિગતો તપાસતાં જણાય છે કે સૌથી વધુ ૧૪ (૨૦ ટકા) વિદ્યાર્થીઓ બી.એચ.એમ.એસ. BHMS (હોમીયોપેથી), ૧૧ (૧૫.૭૧ ટકા) વિદ્યાર્થીઓ બી.એસ.સી. નર્સિંગ, ૧૦ (૧૪.૨૯ ટકા) વિદ્યાર્થીઓ બી.વી.એસ.સી. (વેટનરી સાયન્સ)માં અભ્યાસ કરે છે. તે સિવાય બી.એ.એમ.એસ. (આર્યુર્વેદિક) ફિજીયોથેરાપી, બી.એસ.સી. (એગ્રીકલ્ચર, હોર્ટિકલ્ચર), બી.એસ.સી. વગેરે માં પ્રવેશ મેળવેલ છે. માત્ર-૧ વિદ્યાર્થીની એમ.બી.બી.એસ.માં તથા ૩ વિદ્યાર્થીનીઓને બી.ડી.એસ. (ડેન્ટલ)માં પ્રવેશ મળેલ છે, એટલે કે ધોરણ-૧૨ સાયન્સમાં 'બી' ગ્રુપ રાખીને ડૉક્ટર બનવા માંગતા આ વિદ્યાર્થીઓ પૈકી માત્ર-૪ વિદ્યાર્થીઓ (MBBS અને BDS) સિવાય અન્ય ૬૮ (૯૭.૧૪ ટકા) વિદ્યાર્થીઓ પોતાની મનપસંદ એવી મેડિકલ લાઈનમાં પ્રવેશ મેળવી શક્યા નથી અને પેરામેડિકલ તથા અન્ય વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી હાલમાં અભ્યાસ કરે છે. (કોષ્ટક નં.૪)

**મેડિકલ અભ્યાસ માટે એસ.ટી. વિદ્યાર્થીઓને મળતી સરકારી સહાય અંગેની જાણકારી :**

અભ્યાસમાં આવરેલ ૭૦ વિદ્યાર્થીઓ પૈકી ૪૪ (૬૨.૮૫ ટકા) વિદ્યાર્થીઓને અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને મેડિકલમાં અભ્યાસ કરવા જાય તો શું શું સરકારી સહાય મળે છે તેની જાણકારી નથી, આવી જાણકારી ફક્ત ૨૬ (૩૭.૧૫ ટકા) વિદ્યાર્થીઓને હતી. સરકારશ્રીની સહાય અંગેની જાણકારીનો અભાવ પણ આ વિદ્યાર્થીઓને મેડિકલમાં પ્રવેશ ન મેળવવા માટે જવાબદાર પરિબળ ગણાવી શકાય છે.

અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ મેડિકલ એન્જિનિયરીંગના અભ્યાસક્રમોમાં ભણવા માટે સેલ્ફ ફાઈનાન્સ બેઠકોમાં પ્રવેશ મેળવે તો સરકારશ્રી દ્વારા ફીની રકમ પરત મળવાની જોગવાઈ છે, પરંતુ પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓ પૈકી ૪૨ (૬૦ ટકા) વિદ્યાર્થીઓને તેની જાણકારી ન હતી, માત્ર ૨૮ (૪૦ ટકા) વિદ્યાર્થીઓને તે અંગેની જાણકારી છે, એટલે કે આદિજાતિના વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા તેમને મળતી શૈક્ષણિક સહાયની જાણકારીનો અભાવ છે. (કોષ્ટક નં.૧૯)

**વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવાની બાબતો :**

અભ્યાસમાં સમાવિષ્ટ તમામ વિદ્યાર્થીઓએ હવે પછીના અનુ.જનજાતિના સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખવાની બાબતો અંગે તેમના અનુભવોના આધારે અભિપ્રાયો આપ્યા છે. જેમાં સૌથી વધુ અભિપ્રાયો ૧૭ (૧૫.૦૪ ટકા)માં જણાવ્યું છે કે પ્રવેશ કાર્યવાહી દરમ્યાન બોર્ડ પર મુકવામાં આવતી મેરીટ યાદી ધ્યાનથી જોવી, ૧૨ (૧૦.૬૨ ટકા) અભિપ્રાયો જેમાં જણાવ્યું હતું કે સરકારશ્રી દ્વારા મેડિકલ અભ્યાસ માટેની સહાયની પૂરે-પૂરી જાણકારી રાખવી, સરકાર દ્વારા

અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને ફીની રકમ પરત આપવામાં આવે છે, તેની જાણકારી રાખવી. ડોક્યુમેન્ટ તથા કોલ લેટર સાચવીને રાખવા, અગાઉથી જ પસંદગીની કોલેજ નક્કી રાખવી તથા સિનિયર વિદ્યાર્થીઓ પાસેથી મેડિકલ પ્રવેશ પ્રક્રિયા અને મેડિકલ લાઈન (શાખા) અંગે ચર્ચા કરી લેવી, માહિતી મેળવી લેવી વગેરે મુખ્ય બાબતો આવનાર અનુ.જનજાતિના વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવી જોઈએ તેમ અભ્યાસમાં સાંકળેલ વિદ્યાર્થીઓએ જણાવેલ છે. (કોષ્ટક નં.૨૦)

વિદ્યાર્થીઓના મેડીકલ શાખા પ્રવેશને લગતા વિવિધ મુદ્દાઓની સંખ્યાત્મક માહિતી પરિશિષ્ટમાં જુદા જુદા ૧ થી ૨૦ કોષ્ટકોમાં દર્શાવી છે, જેના અભ્યાસથી વધુ ખ્યાલ આવશે.

**અભ્યાસના તારણો :**

(૧) અભ્યાસમાં આવરેલ કુલ ૭૦ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ પૈકી ૨૯ (૪૧.૪૨ ટકા) વિદ્યાર્થીઓ અને ૪૧ (૫૮.૫૮ ટકા) વિદ્યાર્થીનીઓનોસમાવેશ થાય છે.

(૨) આ વિદ્યાર્થીઓ પૈકી ૫૧ વિદ્યાર્થીઓના પિતા શિક્ષક, કલાર્ક, પોલીસ કોન્સ્ટેબલ જેવી નાની-મોટી સરકારી નોકરી કરે છે. તેઓની વાર્ષિક આવક રૂા. ૫ લાખ સુધીની છે.

(૩) આ વિદ્યાર્થીઓના મોટાભાગના કુટુંબમાં પોતાના ભાઈ-બહેનો પણ ધો-૧૨ સાયન્સ, મેડિકલ, એન્જિનિયરીંગ, ફાર્મસી જેવા ઉચ્ચ અભ્યાસ કરે છે.

(૪) અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓ પૈકી કુલ ૬૮ વિદ્યાર્થીઓ રેગ્યુલર ચાલુ બેંચથી વર્ષ-૨૦૧૨માં પ્રથમ પ્રયાસે તથા ૨ વિદ્યાર્થીઓ વર્ષ-૨૦૧૧માં બીજા પ્રયાસે ધો-૧૨ સાયન્સ પાસ કરેલ છે આ વિદ્યાર્થીઓ પૈકી કુલ ૫૬ વિદ્યાર્થીઓએ ડોકટર બનવાનું સ્વપ્ન રાખીને ધો-૧૨ સાયન્સમાં 'બી' ગ્રુપ રાખેલ હોવાનું જણાવેલ છે.

(૫) આ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના ૫૨ વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે મેડિકલ પ્રવેશ માટે ઓન-લાઈન અરજી કરવામાં કંઈ મુશ્કેલી પડતી નથી, જયારે ૧૭ વિદ્યાર્થીઓને ઓન-લાઈન અરજી કરવામાં મુશ્કેલી પડેલ છે.

(૬) આ વિદ્યાર્થીઓનું ધોરણ-૧૨ સાયન્સનું પરિણામ જોઈએ તો કુલ ૬૨ (૮૮.૫૭ ટકા) વિદ્યાર્થીઓએ ધો-૧૨ સાયન્સમાં ૫૦ થી ૭૦ ટકા પર્સન્ટાઈલ, જયારે ૩ વિદ્યાર્થીઓએ ૮૬ થી ૯૫ પર્સન્ટાઈલ મેળવેલ છે. તેથી તેઓ મેડિકલ પ્રવેશની મેરિટ યાદીમાં સમાવિષ્ટ હતા.

(૭) મેડિકલ પ્રવેશના પ્રત્યેક કાઉન્સેલિંગ રાઉન્ડમાં કુલ ૫૨ (૭૪.૨૮ ટકા) વિદ્યાર્થીઓ હાજર રહ્યા

હતા, જયારે ૧૮ (૨૫.૭૨ ટકા) વિદ્યાર્થીઓ તેમાં હાજર રહેલ નથી. હાજર ન રહેવાના કારણોમાં તેઓને સેલ્ફ ફાઈનાન્સ બેઠકોમાં પ્રવેશ લેવો ન હતો, જયારે કેટલાકે અન્ય શાખાઓમાં પ્રવેશ મેળવી લીધો હતો, તો કેટલાકને કાઉન્સેલિંગ રાઉન્ડ પૂર્ણ થઈ ગયા પછી જાણ થઈ હતી.

(૮) કુલ ૫૯ (૮૪.૨૯ ટકા) વિદ્યાર્થીઓને પોતે મેડિકલમાં પ્રવેશ માટેની મેરિટ યાદીમાં આવ્યા છીએ તેવી જાણકારી હતી. માત્ર ૧૧ (૧૫.૭૧ ટકા) વિદ્યાર્થીઓને તે અંગેની જાણકારી નહોતી. જાણકારી ધરાવતા વિદ્યાર્થીઓ ઈન્ટરનેટનો ઉપયોગ કરતા હતા.

(૯) અભ્યાસમાં આવરેલ કુલ ૩૯ (૫૫.૭૨ ટકા) વિદ્યાર્થીઓને જે તે સમયે એમ.બી.બી.એસ.માં પ્રવેશ મળતો હતો, જયારે ૩૧ (૪૪.૨૮ ટકા) વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યા અંગેની જાણકારી નહોતી. પરંતુ તપાસ સમયે ૬૩ (૯૦ ટકા) વિદ્યાર્થીઓના જણાવ્યા પ્રમાણે તેઓને મેડિકલમાં સેલ્ફ ફાઈનાન્સ બેઠકમાં પ્રવેશ મળતો હતો. કુલ ૭ (૧૦ ટકા) વિદ્યાર્થીઓએ આ અંગે કંઈ પણ જવાબ આપેલ નથી.

(૧૦) ડૉક્ટર બનવાનું સ્વપ્ન ધરાવતા ૭૦ વિદ્યાર્થીઓ પૈકી ૧ વિદ્યાર્થીનીને એમ.બી.બી.એસ,૩ વિદ્યાર્થીનીઓને બી.ડી.એસ. (ડેન્ટલ) ની સેલ્ફ ફાઈનાન્સ બેઠકોમાં પ્રવેશ મળેલ છે. આમ ૪ વિદ્યાર્થીનીઓને તેમની ઈચ્છાનુસાર મેડિકલમાં પ્રવેશ મળેલ છે. આ ૪ વિદ્યાર્થીનીઓ (છોકરીઓ) સિવાય કોઈ વિદ્યાર્થી (છોકરાઓ)ઓને મેડિકલમાં પ્રવેશ મળેલ નથી.

(૧૧) મેડિકલમાં પ્રવેશપાત્ર હોવા છતાં તેમાં પ્રવેશ ન લેતાં આ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓએ (છોકરાઓ) વેટનરી (BVSC) અને બી.એચ.એમ.એસ (હોમીયોપેથી)માં જયારે મોટાભાગની વિદ્યાર્થીનીઓએ (છોકરીઓ) બી.એસ.સી. નર્સિંગ અને બી.એચ.એમ.એસ.માં પ્રવેશ મેળવી હાલમાં અભ્યાસ કરે છે.

(૧૨) મેડિકલમાં પ્રવેશ ન લેવાના મોટા બે કારણો જોવા મળેલ છે. (૧) નાણાની તકલીફ (૨) સરકારી બેઠકોમાં પ્રવેશ ન મળ્યો તે. આ ઉપરાંત પ્રવેશ પ્રક્રિયા લાંબી ચાલતાં ઘણોસમય વીતી જતાં વર્ષ ન બગડે તેમ નક્કી કરી જેમાં પ્રવેશ મળે તેવી કોઈ પણ વિદ્યાશાખાઓમાં પ્રવેશ મેળવી લીધા પછી મેડિકલમાં પ્રવેશ મળ્યાની જાણ થઈ હોવાથી પણ કેટલાક વિદ્યાર્થીઓએ મેડિકલમાં પ્રવેશ લીધો નથી.

(૧૩) પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓને મેડિકલની સેલ્ફફાઈનાન્સ બેઠકો પર એમ.બી.બી.એસ. અને બી.ડી.એસ. (ડેન્ટલ) માં પ્રવેશ મળતો હતો પરંતુ કુટુંબની આર્થિક

પરિસ્થિતિ નબળી હોવાથી તથા કુટુંબમાં બીજા ભાઈ-બહેનો પણ મેડિકલ, એન્જિ. તથા ફાર્મસી કે ધો-૧૨ સાયન્સમાં ભણતા હોઈ કુટુંબની નાણાંકીય સ્થિતિ સેલ્ફફાઈનાન્સ બેઠકોની ફી પહોંચી વળી શકાય તેમ ન હોઈ તેઓએ મેડિકલમાં પ્રવેશ મેળવેલ નથી.

(૧૪) આ વિદ્યાર્થીઓ પૈકી ૪૨ (૬૦ ટકા) વિદ્યાર્થીઓને સરકાર દ્વારા સેલ્ફફાઈનાન્સ કોલેજોમાં ભરવી પડતી ફીની રકમ પરત વિદ્યાર્થીને મળી જાય છે તેની જાણકારી નથી તે સિવાય મેડિકલ અભ્યાસમાં સરકારીશ્રીની યોજનાઓ અંતર્ગત ફી, પુસ્તકો કે અન્ય સહાય મળે છે તેની જાણકારી ન હતી તે પણ પ્રવેશ ન લેવા માટે મોટું કારણ જોવા મળે છે.

(૧૫) ૫૯ (૮૪.૨૯ ટકા) વિદ્યાર્થીઓને પોતે મેડિકલમાં પ્રવેશ માટેની મેરિટ યાદીમાં આવ્યા છીએ તેવી જાણકારી હતી. માત્ર ૧૧ (૧૫.૭૧ ટકા) વિદ્યાર્થીઓને જ તે અંગે જાણકારી નહોતી મતલબ કે પ્રવેશ પ્રક્રિયામાં થતી ગતિવિધિઓથી તેઓ જાણકાર હતા.

(૧૬) મેરિટ યાદી અંગે જાણકારી ધરાવનાર તમામ વિદ્યાર્થીઓ ઈન્ટરનેટ અને પ્રવેશ સમિતિના નોટિસબોર્ડ પરથી મેરિટ યાદી અંગે જાણકારી મેળવેલ છે. મતલબ મોટાભાગના વિદ્યાર્થીઓ ઈન્ટરનેટનો ઉપયોગ કરતા હતા તેમ જણાય છે.

(૧૭) મેડિકલ પ્રવેશ સમિતિની પ્રક્રિયા અંગે હકારાત્મક પ્રતિભાવો આપતાં ૫૫ (૭૮.૫૮ ટકા) વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે અનુ.જનજાતિની અનામત બેઠકો તથા ગુજરાતની નામાંકિત મેડિકલ કોલેજોની કુલ બેઠકો, ખાલી બેઠકો વિગેરે સ્પષ્ટ રીતે કાઉન્સેલિંગ રાઉન્ડ વખતે દર્શાવવામાં આવતી હતી. છતાં પણ આ બાબતે ૧૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ પ્રક્રિયા બાબતે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું કે કોલેજો અને તેમાં ઉપલબ્ધ બેઠકો અંગેની માહિતી ખુબજ ઝડપથી બતાવવામાં આવતી હતી તથા કમિટિના સભ્યોને કંઈ પૂછવામાં આવતાં તેઓ સંતોષકારક જવાબ આપતા નહોતો.

(૧૮) કુલ ૫૨ (૭૪.૨૮ ટકા) વિદ્યાર્થીઓ દરેક કાઉન્સેલિંગ રાઉન્ડમાં હાજર રહ્યા હતા, જયારે ૧૮ (૨૫.૭૨ ટકા) વિદ્યાર્થીઓ કાઉન્સેલિંગ રાઉન્ડમાં હાજર રહેલ નથી. હાજર ન રહેવાના કારણોમાં સેલ્ફ ફાઈનાન્સ બેઠકોમાં પ્રવેશ લેવો ન હતો, કેટલાકે અન્ય શાખામાં પ્રવેશ મેળવી લીધો હતો તો કેટલાકને કાઉન્સેલિંગ રાઉન્ડ પૂર્ણ થઈ ગયા પછી જાણ થઈ હતી.

(૧૯) મેડિકલમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા મોટાભાગના આ આદિજાતિ વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર, ઈન્ટરનેટ અંગે જાણકારી ધરાવે છે, પરંતુ દુર અંતરીયાળ વિસ્તારોમાં ઓન-લાઈન અરજી માટે થોડી મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

(૨૦) આદિજાતિ વિકાસ વિભાગના સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓની ફી અંગેના ઠરાવ ક્રમાંક : સફક/૨૦૨૦૦૮/ન.બા.૩૯/ગ વર્ષ-૨૦૦૯ની જોગવાઈઓ મુજબ રૂા.૧.૦૮ લાખ કે તેથી ઓછી વાર્ષિક આવક ધરાવતા વિદ્યાર્થીઓને સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં પ્રવેશ મેળવતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે તો પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ કુલ ૭૦ વિદ્યાર્થીઓમાંથી ૨૯ વિદ્યાર્થીઓ (છોકરાઓ) હતા. તેમાંથી ૨૧ વિદ્યાર્થીઓની વાર્ષિક આવક ૧ લાખ સુધીની હતી, જેઓ તમામને સેલ્ફ ફાઈનાન્સ બેઠકોની ફી ભરવામાંથી મુક્ત્ મિળતી હતી, જ્યારે ૭૦ વિદ્યાર્થીઓ પૈકી ૪૧ વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) હતી. ઉપરોક્ત ઠરાવ મુજબ તેઓને આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ભરવી પડતી ફીમાંથી મુક્તિ મળી શકી હોત પરંતુ આ યોજનાની જાણકારીના અભાવે આ વિદ્યાર્થીઓએ મેડિકલમાં પ્રવેશ મેળવેલ નથી.

**સજેશન/સૂચનો :**

(૧) મેડિકલ, એન્જિનિયરીંગ, પેરામેડિકલ અને તેવા તમામ ઉચ્ચ શિક્ષણ માટે આદિજાતિના વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા કઈ કઈ શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. તેની માહિતીનો પ્રસાર-પ્રવાહ થવો જોઈએ.

(૨) આદિજાતિના વિદ્યાર્થીઓ મેડિકલ, એન્જિનિયરીંગમાં પ્રવેશ માટે પ્રવેશ માટેના કાઉન્સેલીંગ રાઉન્ડમાં હાજર રહે ત્યાં જ તેઓને મળતી શૈક્ષણિક સહાય અંગે માહિતગાર કરવામાં આવે તે જરૂરી છે.

(૩) મેડિકલ માટેની પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન આદિજાતિના વિદ્યાર્થીઓ માટેની અનામત બેઠકો જેમાં સરકારી બેઠકો અને સેલ્ફ ફાઈનાન્સ બેઠકો અગે સ્પષ્ટ રીતે વિદ્યાર્થીઓને જાણકારી મળે તેવી વ્યવસ્થા ગોઠવાવી જોઈએ.

(૪) સેલ્ફ ફાઈનાન્સ બેઠકોમાં પ્રવેશ વખતે વિદ્યાર્થીને તેની ફીની રકમ ભરવી પડે છે, ત્યારબાદ ફીની રકમ છ થી આઠ માસ પછી સરકાર દ્વારા પરત આપવામાં આવે છે, તેના બદલે આવા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ વખતે સરકારશ્રી દ્વારા જ ફીની રકમ જે તે કોલેજોને સીધી જ મળી જાય અથવા તો વિદ્યાર્થીને પ્રવેશ વખતે ફીની રકમ ભરવી ન પડે તેવી વ્યવસ્થા સરકારશ્રી દ્વારા તાત્કાલિક થાય તે આવશ્યક છે.

(૫) આદિજાતિ વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવાઓ હજી સુધી જોઈએ તેટલા પ્રમાણમાં પહોંચી નથી અને જયાં ઉપલબ્ધ છે તેમાં ઘણા પ્રશ્નો હોય છે. તેથી ઓન-લાઈન અરજી કરવા બાબતે કંઈક

છૂટછાટ આપી શકાય અથવા સમયમર્યાદામાં છૂટછાટ આપી શકાય.

(૬) મેડિકલ પ્રવેશ માટેની કાઉન્સેલિંગ પ્રક્રિયામાં એક આદિજાતિ વિકાસના અધિકારી હાલમાં બેસે છે તે આદિજાતિના સર્ટિ.ઓ ચેક કરવાના કામ સાથે - સાથે આદિજાતિ વિદ્યાર્થીઓની મેડિકલની અનામત બેઠકો જેમાં સરકારી- સેલ્ફ ફાઈનાન્સ બેઠકોની તથા ફી અંગે સરકારશ્રીની સહાય અંગેની માહિતી આદિજાતિના વિદ્યાર્થીઓને આપી શકે તેવી વ્યવસ્થા થવી જોઈએ.

(૭) દર વર્ષે ધો-૧૨ની પરીક્ષા પછી તરત આદિજાતિના વિદ્યાર્થીઓને મળતી શૈક્ષણિક સહાય, ફી, બુકબેંક યોજના કે અન્ય તમામ શૈક્ષણિક યોજનાના લાભો અંગે જિલ્લાવાર શિબિરો રાખીને તેની જાણકારી આદિજાતિ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવું જોઈએ.

(૮) આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવની જોગવાઈ મુજબ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં પ્રવેશ મેળવતા આદિજાતિના વિદ્યાર્થીઓ (છોકરાઓ)ની ફી મુક્તિ માટે કુટુંબની આવક મર્યાદા હાલમાં ૨.૫ લાખની રાખેલ છે તે વધારવી જોઈએ.

## કોષ્ટક-૧

## વિદ્યાર્થીના મૂળ વતન/ જિલ્લો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | વલસાડ | ૪ | ૫.૭૧ |
| ૨. | નવસારી | ૩ | ૪.૨૮ |
| ૩. | સુરત | ૬ | ૮.૫૮ |
| ૪. | તાપી | ૪ | ૫.૭૧ |
| ૫. | ભરૂચ | ૧ | ૧.૪૩ |
| ૬. | વડોદરા | ૭ | ૧૦.૦૦ |
| ૭. | સાબરકાંઠા | ૧૦ | ૧૪.૨૮ |
| ૮. | બનાસકાંઠા | ૪ | ૫.૭૧ |
| ૯. | પંચમહાલ | ૭ | ૧૦.૦૦ |
| ૧૦. | દાહોદ | ૫ | ૭.૧૫ |
| ૧૧. | જૂનાગઢ | ૪ | ૫.૭૧ |
| ૧૨. | અમદાવાદ | ૨ | ૨.૮૬ |
| ૧૩. | ગાંધીનગર | ૨ | ૨.૮૬ |
| ૧૪. | ભાવનગર | ૧ | ૧.૪૩ |
| ૧૫. | ખેડા | ૨ | ૨.૮૬ |
| ૧૬. | આણંદ | ૪ | ૫.૭૧ |
| ૧૭. | મહેસાણા | ૧ | ૧.૪૩ |
| ૧૮. | પાટણ | ૧ | ૧.૪૩ |
| ૧૯. | રાજકોટ | ૧ | ૧.૪૩ |
| ૨૦. | કચ્છ-ભુજ | ૧ | ૧.૪૩ |
| | **કુલ સંખ્યા** | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૨

### જિલ્લા પ્રમાણે વિદ્યાર્થી સંખ્યા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ગાંધીનગર | ૧ | ૧.૪૩ |
| ૨. | રાજકોટ | ૧ | ૧.૪૩ |
| ૩. | ડાંગ | ૧ | ૧.૪૩ |
| ૪. | વલસાડ | ૧ | ૧.૪૩ |
| ૫. | પાટણ | ૧ | ૧.૪૩ |
| ૬. | દાહોદ | ૧ | ૧.૪૩ |
| ૭. | પંચમહાલ | ૧ | ૧.૪૩ |
| ૮. | ખેડા | ૨ | ૨.૮૬ |
| ૯. | જુનાગઢ | ૨ | ૨.૮૬ |
| ૧૦. | મહેસાણા | ૩ | ૪.૨૮ |
| ૧૧. | જામનગર | ૩ | ૪.૨૮ |
| ૧૨. | બનાસકાંઠા | ૩ | ૪.૨૮ |
| ૧૩. | નવસારી | ૩ | ૪.૨૮ |
| ૧૪. | સાબરકાંઠા | ૫ | ૭.૧૪ |
| ૧૫. | સુરત | ૭ | ૧૦.૧૦ |
| ૧૬. | વડોદરા | ૮ | ૧૧.૪૩ |
| ૧૭. | આણંદ | ૧૩ | ૧૮.૫૮ |
| ૧૮. | અમદાવાદ | ૧૪ | ૨૦.૦૦ |
|  | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૩

### પુરૂષ અને સ્ત્રી ઉમેદવાર ઉત્તરદાતાઓનો વર્તમાન અભ્યાસ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | | | ટકા |
|---|---|---|---|---|---|
| | | સ્ત્રી | પુરૂષ | કુલ | |
| ૧. | B. H. M. S. | ૮ | ૬ | ૧૪ | ૨૦.૦૦ |
| ૨. | B.A.M.S. | ૫ | ૩ | ૮ | ૧૧.૪૪ |
| ૩. | વેટરનરી (B.V.S.C.) | ૧ | ૯ | ૧૦ | ૧૪.૨૯ |
| ૪. | ફિઝિયોથેરાપી | ૫ | ૨ | ૭ | ૧૦.૦૦ |
| ૫. | B.C.A. | - | ૧ | ૧ | ૧.૪૨ |
| ૬. | B. Pharm | - | ૧ | ૧ | ૧.૪૨ |
| ૭. | B.Sc. એગ્રિ. | ૨ | ૩ | ૫ | ૭.૧૫ |
| ૮. | B.Sc. હોર્ટીકલ્ચર | ૧ | ૧ | ૨ | ૨.૮૬ |
| ૯. | B.Sc. | ૪ | ૩ | ૭ | ૧૦.૦૦ |
| ૧૦. | B.Sc. નર્સીંગ | ૧૧ | - | ૧૧ | ૧૫.૭૧ |
| ૧૧. | M.B.B.S. | ૧ | - | ૧ | ૧.૪૨ |
| ૧૨. | B.D.S. | ૩ | - | ૩ | ૪.૨૯ |
| | કુલ | ૪૧ | ૨૯ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૩.૧

### વિદ્યાર્થીઓનું ધો-૧૨ પાસ કરેલ વર્ષ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૨૦૧૧ | ૨ | ૨.૮૫ |
| ૨. | ૨૦૧૨ | ૬૮ | ૯૭.૧૫ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૩.૨

### ધોરણ-૧૨ના પરીક્ષા પ્રયત્ન દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પ્રથમ | ૬૮ | ૯૭.૧૫ |
| ૨. | બીજો | ૨ | ૨.૮૫ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૩.૩

### ધોરણ-૧૨માં મેળવેલ ટકાવારી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૩૫ - ૪૦ | ૧ | ૧.૪૨ |
| ૨. | ૪૧ - ૪૫ | ૫ | ૭.૧૫ |
| ૩. | ૪૬ - ૫૦ | ૭ | ૧૦.૦૦ |
| ૪. | ૫૧ - ૫૫ | ૧૧ | ૧૫.૭૩ |
| ૫. | ૫૬ - ૬૦ | ૧૦ | ૧૪.૨૯ |
| ૬. | ૬૧ - ૬૫ | ૧૪ | ૨૦.૦૦ |
| ૭. | ૬૬ - ૭૦ | ૧૭ | ૨૪.૨૯ |
| ૮. | ૭૧ - ૭૫ | ૩ | ૪.૨૮ |
| ૯. | ૭૬ - ૮૦ | ૧ | ૧.૪૨ |
| ૧૦. | જવાબ મળેલ નથી | ૧ | ૧.૪૨ |
| | કુલ | ૭૦ | |

### કોષ્ટક- ૩. ૪

### ધોરણ-૧૨માં મેળવેલ પર્સન્ટાઈલ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૩૫ - ૪૫ | ૭ | ૧૦.૦૦ |
| ૨. | ૪૬ - ૫૫ | ૯ | ૧૨.૮૬ |
| ૩. | ૫૬ - ૬૫ | ૧૨ | ૧૭.૧૬ |
| ૪. | ૬૬ - ૭૫ | ૧૪ | ૨૦.૦૦ |
| ૫. | ૭૬ - ૮૫ | ૮ | ૧૧.૪૨ |
| ૬. | ૮૬ - ૯૫ | ૩ | ૪.૨૮ |
| ૭. | જવાબ મળેલ નથી | ૧૭ | ૨૪.૨૮ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

### કોષ્ટક- ૩. ૫

### વિદ્યાર્થીઓનું ગ્રૂપ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | A | ૦ | ૦.૦૦ |
| ૨. | B | ૭૦ | ૧૦૦.૦૦ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

કોષ્ટક- ૩.૬

ગ્રૂપ પસંદગી કારણ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | મિત્રોના માર્ગદર્શનથી | ૧૨ | ૧૭.૧૫ |
| ૨. | ડૉક્ટર બનવા માટે | ૧૧ | ૧૫.૭૨ |
| ૩. | બી.ગૃપમાં રસ હોવાથી | ૨ | ૨.૮૫ |
| ૪. | જીવ વિજ્ઞાન પસંદ હોવાના કારણે | ૩ | ૪.૨૯ |
| ૫. | મેડીકલ લાઈનમાં જવાનું હોવાથી | ૩૫ | ૫૦.૦૦ |
| ૬. | વાલીના કહેવાથી | ૩ | ૪.૨૯ |
| ૭. | એ ડૉક્ટર મિત્રના માર્ગદર્શનથી | ૧ | ૧.૪૨ |
| ૮. | જવાબ મળેલ નથી | ૩ | ૪.૨૮ |
|  | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

કોષ્ટક- ૪

## વિદ્યાર્થીઓનો વર્તમાન અભ્યાસ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | B.Sc. એગ્રિકલ્ચર | ૫ | ૭.૧૫ |
| ૨. | B.H.M.S. | ૧૪ | ૨૦.૦૦ |
| ૩. | B.Sc. નર્સીંગ | ૧૧ | ૧૫.૭૧ |
| ૪. | ફીજીઓથેરાપી | ૭ | ૧૦.૦૦ |
| ૫. | B.Sc. કોલેજ | ૭ | ૧૦.૦૦ |
| ૬. | B.V.S. (વેટરનરી) | ૧૦ | ૧૪.૨૯ |
| ૭. | B.Sc. હોર્ટીકલ્ચર | ૨ | ૨.૮૫ |
| ૮. | B.A.M.S. | ૮ | ૧૧.૪૩ |
| ૯. | M.B.B.S. | ૧ | ૧.૪૩ |
| ૧૦. | બી.ફાર્મ | ૧ | ૧.૪૩ |
| ૧૧. | B.C.A. | ૧ | ૧.૪૩ |
| ૧૨. | B.D.S. | ૨ | ૨.૮૫ |
| ૧૩. | જવાબ મળેલ નથી | ૧ | ૧.૪૩ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

કોષ્ટક- ૪.૧

## વર્તમાનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું અભ્યાસ સ્થળ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | જૂનાગઢ | ૨ | ૨.૮૫ |
| ૨. | મહેસાણા | ૩ | ૪.૨૯ |
| ૩. | અમદાવાદ | ૧૫ | ૨૧.૪૨ |
| ૪. | પાટણ | ૧ | ૧.૪૩ |
| ૫. | વઘઈ | ૧ | ૧.૪૩ |
| ૬. | નવસારી | ૩ | ૪.૨૯ |
| ૭. | વલસાડ | ૧ | ૧.૪૩ |
| ૮. | બોરસદ | ૧ | ૧.૪૩ |
| ૯. | આણંદ | ૧૪ | ૨૦.૦૦ |
| ૧૦. | વડોદરા | ૮ | ૧૧.૪૩ |
| ૧૧. | સુરત | ૭ | ૧૦.૦૦ |
| ૧૨. | દાહોદ | ૧ | ૧.૪૩ |
| ૧૩. | જામનગર | ૪ | ૫.૭૧ |
| ૧૪. | હિંમતનગર | ૨ | ૨.૮૫ |
| ૧૫. | અંબાજી | ૬ | ૮.૫૮ |
| ૧૬. | જવાબ મળેલ નથી | ૧ | ૧.૪૩ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૫

### પિતાનો વ્યવસાય દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સરકારી નોકરી | ૫૧ | ૭૨.૮૫ |
| ૨. | પ્રાઈવેટ નોકરી | ૪ | ૫.૭૨ |
| ૩. | ખેતી | ૧૨ | ૧૭.૧૫ |
| ૪. | મજૂરી | ૩ | ૪.૨૮ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૬

### માતાનો વ્યવસાય દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સરકારી નોકરી | ૮ | ૧૧.૪૩ |
| ૨. | પ્રાઈવેટ નોકરી | ૦ | ૦.૦૦ |
| ૩. | ખેતી | ૦ | ૦.૦૦ |
| ૪. | મજૂરી | ૨ | ૨.૮૫ |
| ૫. | ઘરકામ- ગૃહિણી | ૬૦ | ૮૫.૭૨ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૭

### ભાઈ-બહેનની ઉચ્ચ-શિક્ષણની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧૨ સાયન્સ | ૫ | ૭.૧૫ |
| ૨. | મેડિકલ | ૬ | ૮.૫૮ |
| ૩. | એન્જિનીયરીંગ | ૧૦ | ૧૪.૨૮ |
| ૪. | ફાર્મસી | ૧ | ૧.૪૨ |
| ૫. | અન્ય | ૩ | ૪.૨૮ |
| ૬. | જવાબ મળેલ નથી | ૪૫ | ૬૪.૨૯ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક-૮

### પિતાની વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧૦ હજાર - ૧ લાખ | ૨૧ | ૩૦.૦૦ |
| ૨. | ૧ લાખ - ૨ લાખ | ૪ | ૫.૭૨ |
| ૩. | ૨ લાખ - ૩ લાખ | ૧૭ | ૨૪.૨૯ |
| ૪. | ૩ લાખ - ૪ લાખ | ૧૧ | ૧૫.૭૨ |
| ૫. | ૪ લાખ - ૫ લાખ | ૧ | ૧.૪૨ |
| ૬. | ૫ લાખથી વધુ | ૧ | ૧.૪૨ |
| ૭. | જવાબ મળેલ નથી | ૧૫ | ૨૧.૪૩ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૯

### પ્રવેશ સંદર્ભ જાણકારી માટે (રાઉન્ડવાઈઝ) કોલની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૬૦ | ૮૫.૭૧ |
| ૨. | ના | ૧૦ | ૧૪.૨૯ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૯.૧

### જો 'ના' તો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઈન્ટરનેટ દ્વારા | ૩ | ૩૦.૦૦ |
| ૨. | ન્યુઝ પેપર દ્વારા | ૭ | ૭૦.૦૦ |
| ૩. | રિ-કાઉન્સીંલીંગ દ્વારા | ૦ | ૦.૦૦ |
| | કુલ | ૧૦.૦૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૦

## દરેક કાઉન્સેલીંગ રાઉન્ડમાં હાજરી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | પ૨ | ૭૪.૨૮ |
| ૨. | ના | ૧૮ | ૨પ.૭૨ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૦.૧

## જો 'ના' તો કારણોદર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સરકારીમાં ન મળવાથી | ૩ | ૧૬.૬પ |
| ૨. | રાઉન્ડપૂર્ણ થયા બાદ જાણ થઈ | ૨ | ૧૧.૧૨ |
| ૩. | એડમિશનની આશા ન હતી | ૨ | ૧૧.૧૨ |
| ૪. | અન્ય અભ્યાસમાં એડમિશન મળ્યું હોવા | ૨ | ૧૧.૧૨ |
| પ. | એગ્રીકલ્ચરમાં એડમીશન મળી ગયું હોવાથી | ૨ | ૧૧.૧૨ |
| ૬. | સેલ્ફ ફાઈનાન્સમાં એડમીશન નતું લેવું | ૨ | ૧૧.૧૨ |
| ૭. | આર્થિક સ્થિતિ નબળી હોવાથી | ૧ | પ.પપ |
| ૮. | ફિજીયોથેરાપીમાં એડમીશન મળ્યું તેથી | ૧ | પ.પપ |
| ૯. | ફક્ત એક જ વખત કાઉન્સલીંગની જાણ થઈ | ૧ | પ.પપ |
| ૧૦. | મનગમતી કોલેજ ન મળવાથી | ૧ | પ.પપ |
| ૧૧. | સરકારી સ્તર ખાલી ન હોવાથી હાજર ન રહ્યા | ૧ | પ.પપ |
| | કુલ | ૧૮ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૧

### ઓનલાઈન અરજી કરતી વખતે પડતી મુશ્કેલી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૭ | ૨૪.૨૯ |
| ૨. | ના | ૫૨ | ૭૪.૨૯ |
| ૩. | જવાબ મળેલ નથી | ૧ | ૧.૪૨ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૨

### કાઉન્સલીંગ રાઉન્ડમાં પડતી મુશ્કેલી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૮ | ૧૧.૪૨ |
| ૨. | ના | ૫૬ | ૮૦.૦૦ |
| ૩. | જવાબ મળેલ નથી | ૬ | ૮.૫૮ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૨.૧

### જો 'હા' તો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ખાલી સીટો વિષયક સચોટ માહિતી નથી | ૧ | ૧૨.૫ |
| ૨. | કાઉન્સલીંગમાં હાજર રહ્યા ન હતા | ૧ | ૧૨.૫ |
| ૩. | કાઉન્સલીંગ રાઉન્ડ પ્રક્રિયા ખુબ ઝડપી હતી | ૬ | ૭૫.૦૦ |
| | કુલ | ૮ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૩

### સરકારી - સેલ્ફ ફાઈનાન્સ બેઠકો સ્પષ્ટ બતાવવામાં આવતી હતી તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૬૦ | ૮૫.૭૨ |
| ૨. | ના | ૬ | ૮.૫૭ |
| ૩. | જવાબ મળેલ નથી | ૪ | ૫.૭૧ |
| | કુલ | ૭૦ | ૧૦૦ |

## કોષ્ટક- ૧૩.૧

### જો 'ના' તો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્પષ્ટ જગ્યાઓ દર્શાવવામાં આવતી નથી | ૪ | ૬૬.૬૬ |
| ૨. | કોલેજનો કોડ દર્શાવવામાં આવતો હતો પણ જગ્યા દર્શાવવામાં આવતી નથી | ૨ | ૩૩.૩૪ |
| | કુલ | ૬ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૪

### તમે મેરીટ યાદીમાં આવ્યા છો તે જાણ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૫૯ | ૮૪.૨૯ |
| ૨. | ના | ૧૧ | ૧૫.૭૧ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૪.૧

### જો 'હા' તો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કોલ લેટર દ્વારા | ૬ | ૧૦.૧૭ |
| ૨. | ઈન્ટરનેટ દ્વારા | ૪૩ | ૭૨.૮૯ |
| ૩. | મિત્રો દ્વારા | ૧ | ૧.૬૯ |
| ૪. | નોટીસ બોર્ડ | ૯ | ૧૫.૨૫ |
| | કુલ | ૫૯ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૫

### મેડિકલમાં એડમીશન મળેલ શાખા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | M.B.B.S. | ૩૯ | ૫૫.૭૨ |
| ૨. | જાણકારી નથી | ૩૧ | ૪૪.૨૮ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૫.૧

### સરકારી અથવા સેલ્ફ ફાઈનાન્સમાં એડમીશન બેઠક દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સેલ્ફ ફાઈનાન્સ | ૬૩ | ૯૦.૦૦ |
| ૨. | સરકારી | ૦ | ૦.૦૦ |
| ૩. | જવાબ મળેલ નથી | ૭ | ૧૦.૦૦ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૬

### મેરીટ યાદીમાં હોવા છતાં મેડિકલમાં એડમીશન કેમ ન લીધું તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | નાણાની તકલીફ | ૫૩ | ૫૧.૪૫ |
| ૨. | બીજી કોઈ શાખામાં જવુ નહતું ફક્ત MBBS માં જવું હતું. | ૩ | ૨.૯૨ |
| ૩. | સરકારીમાં એડમીશન ના મળ્યું એટલે | ૨૧ | ૨૦.૩૮ |
| ૪. | સરકાર દ્વારા ફી પરત આપવામાં આવે છે તે વિષે જાણ ન હતી. | ૪ | ૩.૮૮ |
| ૫. | નર્સિંગમાં રસ હોવાથી | ૪ | ૩.૮૮ |
| ૬. | ફીજીઓથેરાપી પસંદ હોવાથી | ૧ | ૦.૯૭ |
| ૭. | એડમીશન મળ્યું એ વિસ્તાર દૂર હોવાથી | ૨ | ૧.૯૪ |
| ૮. | જે શાખામાં એડમીશન જોઈતું હતું તેમાં એડમીશન ના મળ્યું તેથી | ૪ | ૩.૮૮ |
| ૯. | અન્ય અભ્યાસક્રમમાં એડમીશન લઈ લીધું એટલે | ૮ | ૭.૭૮ |
| ૧૦. | ડેન્ટલ બ્રાન્ચમાં રસ ન હતો તેથી | ૩ | ૨.૯૨ |
| | કુલ | ૧૦૩ | ૧૦૦.૦૦ |

**નોંધ :** ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ કારણોના એકથી વધુ જવાબો મળેલ છે.

## કોષ્ટક- ૧૭

### સરકાર દ્વારા પરત મળતી ફી અંગે જાણકારી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૮ | ૪૦.૦૦ |
| ૨. | ના | ૪૨ | ૬૦ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૮

### કાઉન્સેલીંગ દરમ્યાન ગુજરાતની નામાંકીત (સરકારી સેલ્ફ) કોલેજોમાં અનુ.જાતિની બેઠકો સ્પષ્ટ બતાવવામાં આવતીહતી કે નહી તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૫૫ | ૭૮.૫૮ |
| ૨. | ના | ૧૧ | ૧૫.૭૧ |
| ૩. | જવાબ મળેલ નથી | ૪ | ૫.૭૧ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૮.૧

## મુશ્કેલી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કોલેજોની બેઠક વિષયક માહિતીની પ્રક્રિયા ખુબજ ઝડપી કરવામાં આવતી હતી. | ૩ | ૩૩.૩૪ |
| ૨. | સરકારી કોલેજોનું લીસ્ટ બતાવવામાં આવતું નથી | ૩ | ૩૩.૩૩ |
| ૩. | પ્રવેશ કમીટીને કોઈ પ્રશ્ન પુછવામાં આવે તો સંતોષકારક જવાબ મળતા નથી. | ૧ | ૧૧.૧૧ |
| ૪. | એસ.ટી. કેટેટરીની બેઠકોની માહીતી સ્પષ્ટ મુકવામાં આવતી ન હતી. | ૧ | ૧૧.૧૧ |
| ૫. | ફક્ત ઉપરથી માહિતી બતાવવામાં આવતી હતી. | ૧ | ૧૧.૧૧ |
| | કુલ | ૯ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૧૯

## સરકાર દ્વારા એસ. ટી. ના વિદ્યાર્થીઓને મળતી સહાય અંગેની જાણકારી દર્શાવતું પત્રક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૬ | ૩૭.૧૫ |
| ૨. | ના | ૪૪ | ૬૨.૮૫ |
| | કુલ | ૭૦ | ૧૦૦.૦૦ |

## કોષ્ટક- ૨૦

### અન્ય વિદ્યાર્થીઓ માટે ધ્યાન રાખવા જેવી બાબતો અંગે સુચના દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | મેરીટ યાદી બોર્ડ ઉપર બતાવે તે ધ્યાન રાખવું | ૧૭ | ૧૫.૦૪ |
| ૨. | અગાઉ કેટલા ટકાએ પ્રવેશ મળ્યો તે ખ્યાલ રાખવું | ૩ | ૨.૬૬ |
| ૩. | ન્યુઝ પેપર વાંચવું | ૪ | ૩.૫૪ |
| ૪. | સરકાર દ્વારા મળતા લાભ અંગે જાણકારી મેળવવી | ૧૨ | ૧૦.૬૨ |
| ૫. | કેટલી સીટ ખાલી છે, કેટલી ભરાયેલી છે તે ધ્યાન રાખવું | ૪ | ૩.૫૪ |
| ૬. | જાતિ અંગે દાખલો આપવો જરૂરી છે | ૧ | ૦.૮૮ |
| ૭. | ફી અંગે જાણકારી મેળવી લેવી | ૫ | ૪.૪૩ |
| ૮. | વાલીને સાથે લઈ જવા જોઈએ | ૬ | ૫.૩૦ |
| ૯. | મિત્રો સાથે સંપર્કમાં રહેવું | ૩ | ૨.૬૬ |
| ૧૦. | સરકાર દ્વારા નાણા પરત મળે છે કે નહી તે જાણકારી મેળવી | ૧૨ | ૧૦.૬૨ |
| ૧૧. | વિદ્યાર્થીએ પોતે જાગૃત થવું | ૨ | ૧.૭૭ |
| ૧૨. | ડૉક્યુમેન્ટ કોલ લેટર સાચવીને રાખવા | ૧૩ | ૧૧.૫૧ |
| ૧૩. | કાઉન્સેલીંગમાં હાજર રહેવું જોઈએ | ૧ | ૦.૮૮ |
| ૧૪. | પ્રવેશ વિષયક માહિતી અગાઉ મેળવી લેવી જોઈએ | ૩ | ૨.૬૬ |
| ૧૫. | કમીટી દ્વારા આપવામાં આવતા સુચનોનું ધ્યાન આપવું | ૩ | ૨.૬૬ |
| ૧૬. | કાઉન્સેલીંગ દરમ્યાન સમયસર સ્થળે પહોંચવું | ૧ | ૦.૮૮ |
| ૧૭. | કાઉન્સેલીંગ પહેલાં કયાં એડમીશન લેવું તે અગાઉથી જ નક્કી | ૩ | ૨.૬૬ |
| ૧૮. | અગાઉથી જ પસંદગીની કોલેજ નક્કી કરી લેવી | ૮ | ૭.૦૭ |
| ૧૯. | સિનિયર વિદ્યાર્થી પાસે માહીતી મેળવી લેવી | ૭ | ૬.૨૦ |
| ૨૦. | ધો.૧૨ પછીની મેડીકલ લાઈનની માહીતી પુસ્તિકા વિદ્યાર્થીને આપવી | ૨ | ૧.૭૭ |
| ૨૧. | ઓનલાઈન અરજી ધ્યાન રાખીને કરવી અને માહીતી સચોટ નાખવી | ૧ | ૦.૮૮ |
| ૨૨. | મેડિકલ ફી ઓછી કરવી જોઈએ | ૨ | ૧.૭૭ |
| | કુલ | ૧૧૩ | ૧૦૦.૦૦ |

નોંધ : એકથી વધુ જવાબ સામેલ